
# પુસ્તક કબાટમાં નજરકેદ



## મનકા સિતાર

કેશુભાઇ દેસાઇ

અડધા દેશમાં અને અડધા વિદેશમાં રહીને જીવનનો અમૃતકાળ વાંચનલેખનમાં વિતાવી રહેલા હનીફભાઈ નામના એક ‘ભુખાળવા વાંચક’ બળાપો કાઢતાં કહે છે: મોટા મિયાં માંગરોળની લાયબ્રેરીમાં હવે ફક્ત બે વાંચકો બચ્યા છે...એક હું અને બીજા એક આદિવાસી ભાઈ- મૂલ્યવાન પુસ્તકો કબાટોમાં ધૂળ ખાય છે.

(જોકે એમણે પુસ્તકો માટે દયા ખાઈને ‘ચોપડાં’ જેવો હલકો પર્યાય વાપરી એમની દુખતી રગ પણ ઉઘાડી કરી છે.)

એક સમય હતો જ્યારે મનગમતું પુસ્તક મેળવવા આ જ લાયબ્રેરીમાં પડાપડી થતી. ગ્રંથપાલને વિનંતી કરવી પડતી. રાહ જોવી પડતી. અત્યારે પુસ્તકો પડ્યાં પડ્યાં વાંચકની રાહ જુએ છે. લોકપ્રિય નવલકથાઓની નાયિકાઓ તો મૂંગી મૂંગી પોશ પોશ આંસુડાં સારતી હશે, કોણ જાણે કેમ એમનો નવી પેઢીનો વાંચકરખેવાળ રૂઠ્યો છે. એ એમને કબાટોમાં નજરકેદ કરીને આરામથી સોશિયલ મીડિયામાં આડેધડ મેસેજ ઠોકવામાં કે અભદ્ર રીલો જોવામાં મશગૂલ છે, કાં તો એ કાળાબજારમાં ટિકિટ ખરીદીને પણ ક્રિકેટમેચ જોવાની પેરવીમાં પડેલો છે. એને જૂની પેઢીના ઘરના જ વડીલોની દયા આવે છે: અરે, આ ડોસાંડગરાંઓના વખતમાં ‘ચોપડાં’ સિવાય ટાઈમ પાસ કરવાનું બીજું કોઈ સાધન જ નહીં હોય ત્યારેને? આખો દિવસ સૂનમૂન બેઠાં બેઠાં ચોપડીમાં આંખો ફોડતાં રહે છે! આંખે મોતિયા આવી ગયા છે છતાં જંપતાં નથી. એમને રોજ કંઈક નવું વાંચવા જોઈએ. એ સિવાય ખાધેલું પચે નહીં. કેવાં જુનવાણી લોક! દુનિયા ચંદ્ર અને મંગળ પર પહોંચી છે અને એ હજી ‘સરસ્વતીચંદ્ર’નો ચોથો ભાગ ક્યાંક આડા હાથે મુકાઈ ગયાનાં રોદણાં રડે છે. એમને મોર્નિંગ વોક માટે જતાં ટાઢ વાય છે. જ્યારે ખરી જરૂર તો આ ઉંમરે હેલ્થકેર લેવાની છે.

સમય બહુત બલવાન! કોઈએ કલ્પના પણ નહોતી કરી કે પુસ્તક આમ એકાએક આઉટ ઓફ ડેટ થઈ જશે. એનું નામ લેતાં પણ નાકનું ટીચકું ચડી જશે. જાણે કોઈ ગુનો ના કરી દીધો હોય એમ જુવાન દીકરાવહુ મોઢું મચકોડીને બબડાટ કરી મૂકશે: હવે ચોથો ભાગ નહીં વાંચો તો આભ નહીં તૂટી પડે! છાનામાના ભગવાનનું નામ લેતા હો તો!

વચલી પેઢી નવી ટેકનોલોજીની અવનવી વિશેષતાઓ સમજતી થઈ ગઈ છે અને બાળકો તો જાણે અભિમન્યુની જેમ માતાના ગર્ભમાંથી જ બધું શીખીને આવે છે. પચાસ વર્ષ પહેલાં કોઈ પણ પરીક્ષા પાસ કરવાની હોય તો સૌથી પહેલાં એને લગતી ચોપડીઓની શોધાશોધ ચાલતી. ગાઈડો અને ‘અપેક્ષિતો’ની બોલબાલા હતી. બલકે પુસ્તક વગર પણ છોકરાં ભણી શકશે અને પરીક્ષાઓ આપી ઊંચા પદની નોકરીઓમાં જોડાઈ શકશે, બધું જ ડિજિટલ થઈ જશે અને પુસ્તકોની આખી જમાત એમના નાનકડા હાથવગા મોબાઈલ ફોનમાં ગોઠવાઈ જશે એવું તો કોઈએ સપનામાં પણ નહોતું ધાર્યું. આજે પણ જ્ઞાન અને માહિતી તો અનિવાર્ય છે. સ્રોત જરૂર બદલાઈ ગયાં છે. પરંતુ આખરે એ પણ છે તો પુસ્તકોનું જ પરિવર્તિત સ્વરૂપ. લાયબ્રેરીમાંથી જૂની પેઢીના વાચકો મનગમતી નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓનાં પુસ્તકો જ વિશેષ ઈંતેજારી સાથે લઈ આવતા. વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવા વિષયો પર લખાયેલાં પુસ્તકો એ જમાનામાં ઓછા પ્રમાણમાં વંચાતાં. વળી વાંચનારને એના મનગમતા વાંચનનો રસથાળ માણવાની મજા પડતી એટલે એ દોડી દોડીને લાયબ્રેરીનાં પગથિયાં ચડતો હતો. એમાં એને ધંધા રોજગાર કે બીજા સ્વરૂપે કોઈ સીધો લાભ કે નફો નહોતો મળતો બલકે એવી અપેક્ષા જ નહોતી રહેતી.

> **આજે પ્રકાશન ગૃહો જરૂર પૂરતી થોડી નકલો છાપે છે અને નવી ટેકનોલોજીની મદદથી માંગ થતાં જ તાબડતોબ નવી નકલો ઉપલબ્ધ કરાવી શકે છે. વળી ઈ-બુક અને ઓડિયો બુક સ્વરૂપે પણ પુસ્તક મળી શકે છે**

આજે ‘વાંચન લાયબ્રેરી’નો નવો ટ્રેન્ડ શરૂ થયો છે જેમાં ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનાં જ ઉપયોગી પુસ્તકો વાંચવા માટે વિદ્યાર્થીઓ આવે છે. ગરીબ વિદ્યાર્થીઓને એનો લાભ પણ મળે છે. પરંપરાગત લાયબ્રેરીમાં એકાદ વાતાનુકૂલિત વાચનખંડ ઉમેરી સરકારે પણ આવી સુવિધાઓ શરૂ કરી છે જેમાં વિદ્યાર્થીઓ નિરાંતે કોઈ જાતના વિક્ષેપ કે ઘોંઘાટ વગર વિષય મુજબ વાંચન કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી કરે છે. ખાનગી ધોરણે વિવિધ વિસ્તારોમાં ખૂલેલી આવી લાયબ્રેરીઓ સેવા પૂરી પાડવા બદલ ફી વસૂલે છે જે કદાચ ગરીબ વિદ્યાર્થીઓને ન પોસાય તો એવા વિદ્યાર્થીઓ સરકાર દ્વારા ચાલતી મફત સેવા આપતી લાયબ્રેરીનો લાભ લઈ શકે છે.

યુનિવર્સિટીઓની લાયબ્રેરીઓ પણ વિદ્યાર્થીઓને જરૂરી સવલતો ઉપલબ્ધ કરાવતી રહે છે એમ આમ જનતા માટેની લાયબ્રેરીઓ પણ હવે સાહિત્યનાં પુસ્તકો કરતાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી પુસ્તકો વસાવી બદલાયેલા સંજોગોમાં એમની ઉપયોગિતા અકબંધ રાખવા જહેમત ઉઠાવી રહી છે. રાજ્યની સૌથી મોટી લાયબ્રેરી તરીકે ઓળખાતી અમદાવાદની એમ.જે. લાયબ્રેરીના લલિત સાહિત્યના વાંચકોની સંખ્યા ઘણી ઓછી થઈ હશે પણ એમાં વિદ્યાર્થીઓનો ધસારો વધ્યો છે. એક સમયે એવો શિરસ્તો પડી ગયો હતો કે કોઈ પણ નવું પુસ્તક છપાયું હોય તો એના પ્રકાશકે રાજ્યની સાત મોટી લાયબ્રેરીઓમાં એની એક એક નકલ ફરજિયાત મોકલવાની રહેતી. હવે એ શિરસ્તો કદાચ અભરાઈએ ચડાવી દેવામાં આવ્યો હોય તો નવાઈ નહીં. મારાં જ ઘણાં બધાં પુસ્તકો આઉટ ઓફ પ્રિન્ટ છે પણ જરૂર પડે ત્યારે મારા સાહિત્ય પર સંશોધન કે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ એવાં પુસ્તકોની લાયબ્રેરી નકલ ગુજરાત વિદ્યાપીઠની લાયબ્રેરીમાંથી મેળવી એમની ફોટોકોપી કરાવી કામ ચલાવી લે છે. એવું કોઈ પુસ્તક યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં મુકાય છે ત્યારે જ કોઈ પ્રકાશન ગૃહને એનું પુન:પ્રકાશન કરવાની ઈચ્છા થાય છે. ત્યારે પણ એની નકલ મેળવવા એણે લાયબ્રેરીના જ શરણે જવું પડે છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા રાજ્યના પ્રત્યેક ગામમાં લાયબ્રેરી શરૂ કરાવી હતી એ એમની દૂરંદેશી હતી. પોતાના રાજ્યની પ્રજાનો સૌથી છેવાડાનો માનવી શિક્ષણ મેળવી શકે એવા શુભાશયથી એમણે તત્કાલીન સમાજમાં પ્રવર્તતી અસ્પૃશ્યતા વચ્ચે પણ રસ્તો કાઢીને દેશને નવો રાહ ચીંધ્યો હતો. એમણે સામાન્ય શાળાઓમાં ભણવા નહીં જઈ શકતાં દલિત સમાજનાં બાળકો માટે જુદી ‘અંત્યજ શાળાઓ’ શરૂ કરાવી હતી. સવર્ણ શિક્ષકો એવી શાળાઓમાં સેવા આપવા તૈયાર નહોતા એટલે બમણો પગાર આપીને એવી શાળાઓમાં એમણે મુસલમાન શિક્ષકો નીમ્યા હતા.

આજે પણ ગાયકવાડી ગામોમાં જૂની લાયબ્રેરીઓ અને શાળાઓનાં ખખડધજ મકાન હયાત છે. મારું ગામ ખેરાલુ એમને હેરિટેજ આઈટમ સ્વરૂપે સાચવી રહ્યું છે. એ જમાનામાં શરૂ થયેલી લાયબ્રેરી આજે પણ છે. ફરક એટલો પડ્યો છે કે એમાં સંઘરાયેલી સાહિત્યકૃતિઓ જેમને વાંચવા ક્યારેક પડાપડી થતી હતી એ હવે અળખામણી અને લગભગ અસ્પૃશ્ય બની ગઈ છે.

હું આજે જે કંઈ છું એ મારા ગામની લાયબ્રેરીના પ્રતાપે છું એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય. જેવી શાળા છૂટતી કે હું પટ્ટી મારીને વહેલામાં વહેલો સાર્વજનિક લાયબ્રેરીના વાંચન ખંડમાં ઘૂસી નવાં આવેલાં સામયિકો ફેંદી વળતો. ચાંદામામા અને ચક્રમથી લઈ ચાંદની, આરામ, અખંડ આનંદ અને નવચેતન તથા કુમારનાં પાનાં પરથી નીતરતો શબ્દરસ આગળ જતાં મને લેખક બનાવીને જંપ્યો! ગુજરાતી સાહિત્યના ધુરંધર લેખકો સાથેની આડકતરી મુલાકાત એમનાં પુસ્તકોના માધ્યમથી થતી રહી. અખબારોમાં છપાતી ટૂંકી વાર્તાઓ અને ધારાવાહિક નવલકથાઓએ મને એવું ઘેલું લગાડેલું કે કાચી ઉંમરે હું વાર્તાઓ લખતો થઈ ગયો હતો. નવમા ધોરણમાં ભણતો હતો ત્યારે લખેલી વાર્તા એ સમયના પ્રતિષ્ઠિત વાર્તામાસિક ચાંદનીમાં છપાઈ હતી! લાયબ્રેરીમાં સર્વસુલભ છાપાં અને સામયિકો મારફત જ મને ભારતીય સાહિત્ય જગત ઉપરાંત વિશ્વ સાહિત્યની મહાન વિભૂતિઓની ઓળખ થઈ હતી. મારું હિંદીનું જ્ઞાન પણ છેક એ ઉંમરે ધર્મયુગ જેવું સામયિક નિયમિત વાંચતો અને પ્રેમચંદ, મૈથિલીશરણ ગુપ્ત કે જયશંકર પ્રસાદ જેવા સમર્થ સર્જકોની કૃતિઓ રસપૂર્વક વાંચતો એને આભારી છે.

સમય સાથે પુસ્તકનું સ્વરૂપ પણ બદલાતું રહે છે. પ્રિન્ટ મીડિયા પર જોખમ ઊભું થયું છે. અગાઉ એક નવલકથાની બે અઢી હજાર નકલો છપાતી હતી અને એ બે ત્રણ વર્ષમાં પુનર્મુદ્રિત થતી. આજે પ્રકાશન ગૃહો જરૂર પૂરતી થોડી નકલો છાપે છે અને નવી ટેકનોલોજીની મદદથી માંગ થતાં જ તાબડતોબ નવી નકલો ઉપલબ્ધ કરાવી શકે છે. વળી ઈ-બુક અને ઓડિયો બુક સ્વરૂપે પણ પુસ્તક મળી શકે છે.

હમણાં જાણીતા પ્રકાશન ગૃહની શતાબ્દી ઊજવાઈ રહી છે. એના સૂત્રધાર છાતી ઠોકીને કહે છે કે પુસ્તકપ્રેમીઓ આજે પણ એટલા જ ઉત્સાહથી પુસ્તકો ખરીદવા ઊમટે છે. અમે મહાનગરોથી માંડી તાલુકા મથકો સુધી આખું વરસ પુસ્તક મેળા યોજી પુસ્તકો વેચીએ છીએ. માણસ પુસ્તકઘેલો જીવ છે. એને ક્યારેય પુસ્તક વગર ચાલવાનું નથી.

વાંચે ગુજરાત જેવો મૌલિક વિચાર રજૂ કરીને નરેન્દ્ર મોદીએ ગુજરાતના વાંચન વિમુખ જનસમુદાયને ટપાર્યો હતો એ ઘટના કેમ ભુલાય! ખુદ આ લખનાર જ્યારે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની ધુરા સંભાળી રહ્યો હતો ત્યારે એણે વાંચનવિમુખ થઈ ગયેલા ગુજરાતીઓને બે સૂત્રો આપ્યાં હતાં:

‘ગ્રંથો રક્ષતિ રક્ષિત:’ અને

‘ગ્રંથિઓ છોડીએ, ગ્રંથો ભણી વળીએ’




# જૂની કહેવતો નવા સંદર્ભમાં

## અબીલ ગુલાલ

જયવંત પંડ્યા

> **આજે વૉક સંસ્કૃતિ છે. લિવ ઇન રિલેશન આવી ગયું છે. ટેક્નૉલૉજીમાં ફૉન છે. ફૉનમાં પાસવર્ડ છે. ગેલેરી છે. સૉશિયલ મીડિયા છે. આ સંદર્ભમાં જૂની કહેવતોને વિચારીએ**

કાખમાં છોકરું ને ગામમાં ગોતાગોત- ટેરવે ગૂગલ અને ફૉન પર પૂછાપૂછ.

- લગ્ને-લગ્ને કુંવારી -લિવ ઈન રિલેશને-રિલેશને સિંગલ.
- ઊંટે કાઢ્યા ઢેકા તો માણસે કાઢ્યા ઠેકા- સરકારે મૂક્યો પ્રતિબંધ તો માણસે કર્યું વીપીએન.
- ધોબીનો કુતકો (ધોકો) નહીં ઘરનો નહીં ઘાટનો- માબાપનું વૉક સંતાન, નહીં છોકરી, નહીં છોકરો.
- સોટી વાગે ચમચમ વિદ્યા આવે રૂમઝુમ - નૉટિફિકેશન વાગે ઝમઝમ ગર્લફ્રેન્ડના મેસેજ આવે રૂમઝુમ.
- કાગનું બેસવું ને ડાળનું ભાંગવું- ફેસબુક ખોલવું ને રૂમમાં મમ્મીનું દાખલ થવું.
- રજનું ગજ કરવું - ભંગાર ચહેરાવાળીના ફૉટાને લાખો લાઈક મળવી.
- ન બોલવામાં નવ ગુણ- વાઈફ ફેસબુકમાં હોય ત્યારે ગર્લફ્રેન્ડની પૉસ્ટને ન જોવામાં નવ ગુણ.
- વાવો તેવું લણો- લાઈક, કૉમેન્ટ કરો તો લાઈક, કૉમેન્ટ મળે.
- ભસતો કૂતરો કરડે નહીં - સૉશિયલ મીડિયામાં ‘જોઈ લેવાની’ ધમકી આપનારા કોઈ દિવસ દેખાય નહીં.
- દશેરાના દિવસે ઘોડા ન દોડે - ઘરે એકલા હોઈએ ત્યારે જ વાઈફાઈ બંધ થઈ જાય.
- ચોરનો ભાઈ ઘંટી ચોર- વૉટ્સઍપનો ભાઈ ફેસબુક.
- ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે?- ફેસબુકના ઘરડાઓ ટિન્ડરની મજા શું જાણે.
- પાડાના વાંકે પખાલીને ડામ- બે જણાના ઝઘડામાં કૉમેન્ટ કરનાર વિરુદ્ધ શબ્દયુદ્ધ.
- નવી ગિલ્લી ને નવો દાવ- નવો ફૉન ને નવો ડેટા.
- રાંડ્યા પછી ડહાપણ શું કામનું - વૉટ્સઍપમાં છોકરીનો વિડિયો કૉલ ઉઠાવી લીધા પછી રોવાનો શું અર્થ.
- વખાણેલી ખીચડી દાઢે વળગવી- વખાણેલો ફૉન વારેઘડીએ હેંગ થવો.
- ધીરજનાં ફળ મીઠાં- ૨-જીમાં પણ મૂવી ડાઉનલૉડ કરવા મૂકી દેવું.
- ધરમ કરતાં ધાડ પડવી- ગર્લફ્રેન્ડની રીલને લાઈક આપી કમાણી કરાવવા જતાં પત્નીનો માર પડવો.
- ઘર વેચીને તીરથ કરવું- પોતાના ફૉનનો પાસવર્ડ મિત્રને કહી દેવો.
- નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ- ફિલ્ટર વગરના ફૉટાને શૂન્ય લાઈક ને ફિલ્ટર્ડ ફૉટાને ઢગલો લાઈક.
- ચિંતા ચિતા સમાન- લાઈકની ઉપાધિ ડિપ્રેશન લાવે.
- તમાશાને તેડું ન હોય- વાઈરલ એમએમએસ શોધવાનો ન હોય.
- ઓછું પાત્ર ને અદકું ભણ્યો - ફૈઝલ ખાન, અભિનવ મેથ્સવાળાના વિડિયો.
- કાચના ઘરમાં રહીને પથ્થર ન ફેંકાય - સરકારની ચમચાગીરીના જૂનાં ટ્વીટ પડ્યાં હોય તો સરકાર સામે નવાં ટ્વીટ ન કરાય.
- મનમાં પરણ્યા ને મનમાં રાંડ્યા- પોતાની પૉસ્ટને પોતે જ લાઈક અને કૉમેન્ટ કરવી.
- દીકરી ને ગાય દોરે ત્યાં જાય - ગૂગલ ને એમેઝૉન બતાવે તે ખરીદે.
- પાપડી ભેગી ઈયળ બફાય - વિરોધ પ્રદર્શનને જોવા ઊભા રહેવું.
- સંઘરેલા સાપ પણ કામમાં આવે - વિરોધીનો સેવ કરેલો સ્ક્રીનશૉટ પણ કામ આવે.
- સોના કરતાં ઘડામણ મોંઘું- સ્માર્ટ ફૉન કરતાં એસેસરિઝ મોંઘી.
- એક પગ દૂધમાં ને બીજો પગ દહીંમાં - એક અકાઉન્ટ ઈન્સ્ટામાં ને બીજું લિંક્ડઈનમાં.
- જાગ્યા ત્યારથી સવાર - જાગ્યા ત્યારથી રીલ.
- દૂઝણી ગાયની લાત સારી - વૉટ્સૅપમાં બૉસનો ટૅક્સ્ટ રૂપે મેસેજ સારો.
- છીંડે ચડ્યો તે ચોર- ફેસબુકે હાઈલાઈટ કરેલી કૉમેન્ટ સગાંવહાલાંને દેખાવી.
- મારું મારું વા વા ને બાકીનું બધું છી છી- મારા ફૉટા સુપર્બ અને બીજાના ફૉટા ગંધરા.
- ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં - લાખો લાઈક ધ્રુવ રાઠીને અને લાખો લાઈક અભદ્ર નાચનારીના વિડિયોને.
- બાર ગાઉએ બોલી બદલાય - બાર મિનિટે વૉટ્સઍપ સ્ટેટસ બદલાય.
- પહેલું સુખ તે જાતે નર્યા - પહેલું સુખ તે ફૂલ ચાર્જ ફૉન.
- એક પંથ ને દો કાજ - રૂપાળી છોકરીની કારમાં લિફ્ટ મળવી.
- ન મામા કરતાં કહેણો મામો સારો - આઈ ફૉન કરતાં સેમસંગ ફૉન સારો.
- ચકલી નાની ને ફેડકો મોટો - સૉશિયલ મીડિયા પર બીજાની સ્પૉર્ટ્સ કાર સાથે ફૉટો.
- દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી-ફૂંકીને પીવે - સૉશિયલ મીડિયા પર એકાઉન્ટ બ્લૉક થયા પછી પોતાનો ફૉટો પણ વિચારીને મૂકે.
- અધૂરો ઘડો છલકાય ઘણો - મુકેશ અંબાણી નવી કારનું સ્ટેટસ ન મૂકે, પણ પડોશી મૂકે.
- પાકા ઘડે કાંઠા ન ચડે - વૉટ્સઍપ આવડે પણ ટ્વિટરમાં સમજણ ન પડે.
- ભલું થયું ભાંગી જંજાળ- પત્નીનું ફૉન માગવું ને ફૉન બગડવો.
- અકર્મીનો પડિયો કાણો- છોકરી સામે ફાંકા મારતા હોય ત્યારે જ બેલેન્સ પૂરું થઈ જવું.
- રાત થોડી ને વેશ ઝાઝા- લગ્નને દિવસો થોડા ને પ્રિવેડિંગ શૂટ બાકી.
- ખુશામત તો ખુદાને પણ પ્યારી છે- લાઈક અને કૉમેન્ટ તો બૉસને પણ ગમે.
- નાચવું નહીં ને આંગણું વાંકું - કૉલ ઉપાડવો ન હોય ત્યારે નેટવર્કમાં ડખા.
- ભાવતું હતું ને વૈદ્યે કીધું - મમ્મીએ ફઈનું સ્ટેટસ જોવા કહ્યું.
- આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય - પોતાનો ફૉટો જાતે જ ફિલ્ટર કરવો પડે.
- આખું કોળું શાકમાં - વ્હાલો ફૉન પાણીમાં.
- સૂંઠના ગાંગડે ગાંધી- રીલના આશરે કૉચિંગ સેન્ટરવાળા.
- અણી ચૂક્યો સો વરસ જીવે - પત્ની રૂમમાં આવે ને તેને તેની મમ્મીનો ફૉન આવે.
- તેલ જોવું તેલની ધાર જોવી - પૉસ્ટ જોવી ને તેના પર થયેલી કૉમેન્ટ વાંચવી.
- ગોળ નાખે એટલું ગળ્યું થાય - સૉશિયલ મીડિયાને પૈસા આપો એટલી પૉસ્ટ વાઈરલ થાય.
- સાપ ગયા ને લિસોટા રહી ગયા - વિડિયો ને ફૉટા ડિલીટ કર્યા પણ રિસાઈકલ બિનમાં રહી ગયા.
- દુ:ખનું ઓસડ દહાડા - બૉયફ્રેન્ડ સાથે બ્રેક અપ પછીનો સમય.
- વહુ અને વરસાદને જશ નહીં - પતિ અને સરકારના વખાણ નહીં.
- ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર - પતિના ફૉનનો માંડ પાસવર્ડ મળ્યો તો ગેલેરી ખાલી.
- ન રહે વાંસ ન વાગે વાંસળી - ન રહે ફૉટા ન કરે પત્ની શંકા.
- યથા રાજા તથા પ્રજા - યથા વડા પ્રધાન સૉશિયલ મીડિયા પર તથા પ્રજા સૉશિયલ મીડિયા પર.
- વૈંકુઠ નાનું ને ભગતડા ઝાઝા- ફૉનમાં સ્ટૉરેજ ઓછો ને ફૉટા-વિડિયો ઝાઝા.

## બહુશ્રુત

અનુસંધાન પાના એકનું

આ વૃદ્ધિનો મોટો હિસ્સો એવા લોકોમાંથી આવ્યો છે જેમણે સ્માર્ટફોન દ્વારા પહેલી વખત ડિજિટલ દુનિયામાં પ્રવેશ કર્યો. વૉટ્સએપ જેવા પ્લેટફોર્મ્સ હવે માત્ર મેસેજિંગ એપ્લિકેશન રહ્યાં નથી. તે માહિતીની આપ-લે, મનોરંજન અને રાજકીય સંવાદના મહત્વના માધ્યમ બની ગયાં છે.

અલબત્ત, આ બદલાવ સાથે અસંખ્ય તકો પણ ઊભી થઈ છે. મુખ્ય પ્રવાહના મીડિયામાં જે અવાજો પહેલાં સંભળાતા નહોતા તેઓ આજે લાખો લોકો સુધી પહોંચી શકે છે. સ્વતંત્ર પત્રકારત્વ, સાંસ્કૃતિક ચર્ચાઓ અને વિશિષ્ટ ક્ષેત્રોમાં નિપુણતા ધરાવતા લોકો હવે પરંપરાગત ગેટકીપર્સ પર નિર્ભર રહ્યા વગર પોતાના સમુદાયો અને ઓડિયન્સ ઊભાં કરી શકે છે.

પરંતુ આ સિક્કાની બીજી બાજુ પણ છે. જ્યારે એન્ગેજમેન્ટ કોઈ પણ પ્લેટફોર્મ માટે સૌથી મહત્વનો માપદંડ બની જાય છે ત્યારે એવી સામગ્રીને પ્રોત્સાહન મળવા લાગે છે જે તરત જ પ્રતિક્રિયા પેદા કરે. અફવાઓ ઘણી વખત હકીકતો કરતાં ઝડપથી ફેલાય છે. લાગણીઓ ઘણી વખત ચકાસણી કરતાં આગળ નીકળી જાય છે અને દેખાડો ઘણી વખત વિશ્વસનીયતાને પાછળ છોડી દે છે. સમસ્યા એ નથી કે લોકો અચાનક ઓછા વિચારશીલ બની ગયા છે. સમસ્યા એ છે કે ડિજિટલ પ્લેટફોર્મ્સે શોધી કાઢ્યું છે કે માણસના ધ્યાનને માપી શકાય છે, તેની આગાહી કરી શકાય છે અને સૌથી અગત્યનું કે તેમાંથી નફો કમાઈ શકાય છે.

આ આખી ચર્ચાનું એક બીજું પાસું છે જેના વિશે બહુ વાત નથી થતી. આપણી અંદરની દુનિયામાં પણ કંઈક બદલાઈ રહ્યું છે. કોઈ પુસ્તક વાંચવું, કોઈ ફિલ્મ ધ્યાનથી જોવી, લાંબી અને અર્થપૂર્ણ વાતચીતમાં ભાગ લેવો કે પછી થોડો સમય જાત સાથે જ બેસી રહેવા જેવી બાબતો માટે એકાગ્રતાની જરૂર પડે છે. કમનસીબે આધુનિક ડિજિટલ દુનિયા સતત આ એકાગ્રતાની કસોટી કરતી રહે છે.

જે ટેક્નોલૉજી આપણા સમયની બચત કરવા માટે આવી હતી, તે જ આજે આપણા સમય માટે, આપણી સાથે જ, સૌથી આક્રમક રીતે સ્પર્ધા કરી રહી છે. જે સાધનો આપણને એકબીજા સાથે જોડવા માટે બનાવવામાં આવ્યા હતા, તેમણે જ હવે આપણું ધ્યાન ખેંચવા માટે અસંખ્ય દાવેદારો ઊભા કરી દીધા છે. પરિણામે એકાગ્રતા જ દુર્લભ સંપત્તિ બનતી જાય છે અને આ સૌથી મોટી વિડંબના છે. જે આર્થિક વ્યવસ્થાએ માણસના ધ્યાનને એક પ્રોડક્ટમાં ફેરવી દીધું, એ જ વ્યવસ્થા હવે ડિજિટલ ડિટોક્સ, માઈન્ડફુલનેસ રિટ્રીટ્સ અને પ્રોડક્ટિવિટી સિસ્ટમ્સના નામે એ ધ્યાનની ગેરહાજરી વેચીને નફો કમાઈ રહી છે.

હવે સવાલ એ પણ થાય કે આ બધા માટે જવાબદાર કોણ? અટેન્શન ઈકોનોમી પાછળ શેરહોલ્ડર્સ છે, ત્રિમાસિક નફાના ટાર્ગેટ્સ અને મોટાંમસ વ્યાવસાયિક હિતો છે. પરંતુ તેની સામાજિક કિંમત કોણ ચૂકવે છે? ઘટી રહેલો વિશ્વાસ, ખોટી માહિતીનો ફેલાવો, વધતું ધ્રુવીકરણ અને માનસિક સ્વાસ્થ્ય અંગે ઊભી થતી ચિંતાઓનો બોજ આખરે સમાજે જ ઉપાડવાનો આવે છે, જ્યારે એન્ગેજમેન્ટમાંથી થતો નફો થોડાક મોટા ખેલાડીઓના હાથમાં સમાઈ જાય છે. નિયમન વ્યવસ્થા હજુ સુધી આ ગતિ સાથે તાલ મિલાવી શકી નથી. સરકારો એક તરફ ડિજિટલ પ્લેટફોર્મ્સ પર નિયંત્રણ લાવવાની વાત કરે છે, તો બીજી તરફ એ જ પ્લેટફોર્મ્સનો ઉપયોગ સંદેશાવ્યવહાર અને રાજકીય પહોંચ વધારવા માટે પણ કરે છે. અહીં રહેલો વિરોધાભાસ સ્પષ્ટ છે. ડિજિટલ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરવો કે નહીં તે પસંદગી ખરેખર આપણી છે, પણ એ પણ એટલું જ સાચું છે કે આ આખા તંત્રની રચના, તેની ડિઝાઈન ખૂબ વિચારીને કરવામાં આવી છે. સૌથી મહત્વના પ્રશ્નનું મૂળ અહીં જ છે. જે વ્યવસ્થા મૂળભૂત રીતે આપણું ધ્યાન ખેંચી લેવા માટે બનાવવામાં આવી હોય, ત્યાં પોતાનું ધ્યાન ક્યાં આપવું છે, તે નક્કી કરવું પણ એક પ્રકારની સ્વતંત્રતા અને સજાગતા બની જાય છે. આપણી સૌથી કિંમતી સંપત્તિ પૈસા નથી, ડેટા નથી કે પછી આપણો મત પણ નથી. આપણી સૌથી મોટી સંપત્તિ છે એ નક્કી કરવાની ક્ષમતા કે આપણે કઈ બાબતને કેટલું ધ્યાન આપવું છે. દરેક સ્ક્રોલ એક નિર્ણય છે. કોઈ પણ પ્લેટફોર્મ પર વિતાવેલો દરેક કલાક એક પ્રકારનો વ્યવહાર છે.

## નો નોનસેન્સ

અનુસંધાન પાના એકનું

ગાંધીજીએ અંગ્રેજ સામ્રાજ્યને ઈશ્વરીય નહીં, પણ શેતાની સામ્રાજ્ય ઘોષિત કર્યું અને ખુલ્લી લડાઈનો શંખ ફૂંક્યો.

ગાંધીજીનાં આ પાંચમા અભિગમે શરૂઆતમાં તો દરેકને આકર્ષિત કર્યા પણ પછી અમુક લોકોનું ભ્રમનિર:સન થવા લાગ્યું. ગાંધીજીની પ્રવૃત્તિના કેન્દ્રમાં મનુષ્યત્વ હતું, હિન્દુત્વ નહોતું. આંતરિક પૌરુષત્વ હતું, મર્દાનગીનો બાહ્ય દેખાડો નહોતો. કોમળતા હતી, કઠોરતા નહોતી. બહુમતી પ્રજા અને લઘુમતી પ્રજા વચ્ચે ભેદ નહોતો, પણ દરેક એકસમાન ભારતીય હતા. તેમનો રાષ્ટ્રવાદ સર્વસમાવેશક નરવો હતો, પશ્ચિમથી આયાત કરવામાં આવેલો બહુમતી આધારિત ક્ષેત્રીય તામસિક નહોતો. તેમની કલ્પનાના રાષ્ટ્રમાં રાષ્ટ્રનો કોઈ શત્રુ નહોતો, જ્યારે કે પશ્ચિમથી આયાત કરવામાં આવેલા રાષ્ટ્રવાદમાં કોઈ એક શત્રુનું હોવું જરૂરી હતું. શત્રુનો ભય બતાવીને બહુમતી કોમને ડરાવી શકાય, સાબદી કરી શકાય, સગઠીત કરી શકાય, તેને કબજામાં લઈ શકાય અને ધારો એ દિશમાં લઈ જઈ શકાય.

આ મોહનદાસ ગાંધી ગજબની શક્તિ ધરાવે છે, પણ હિંદુઓ માટે કશા ખપનો નથી, એ તો અખંડ મનુષ્યત્વની ખોજ કરે છે. તેની નિર્ભયતા નિર્વિરોધી છે. શત્રુ વિના મર્દાનગી વિકસે અને ટકે કેવી રીતે? પણ મોહનદાસ ગાંધીના પક્ષે મર્દાનગી તો હતી. છેક ૧૯૦૬ની સાલમાં તેમણે તેમના મોટાભાઈને પત્ર લખીને જાણવી દીધું હતું કે, “ભય ને હવે હું ઓળખતો પણ નથી.”

તો વાતનો સાર એ કે ગાંધીજી ભારતીય પ્રજાને નીર્વિરોધી નિર્ભય બનાવવા માગતા હતા, જ્યારે હિન્દુત્વવાદીઓ અને ઈસ્લામવાદીઓ પોતપોતાની પ્રજાને તેમણે ઓળખાવેલા શત્રુવિરોધી નિર્ભય બનાવવા માગતા હતા. આવું બીજી કોમનું પણ હતું. દરેકનો એક એક દુશ્મન હતો. પણ બન્યું એવું કે મોહનદાસ ગાંધી ભારતની આઝાદીની લડતનું નેતૃત્વ કરતો હતો, પ્રજા તેમની સાથે હતી અને બ્રિટીશ સરકાર પણ તેને જ ભારતનો નેતા માનતી હતી, તેનાથી ડરતી હતી અને તેની સાથે વાતચીત કરતી હતી. બાકીના બધા અંગ્રેજો માટે ખપના હતા. જેને જેને ગાંધીજી ખપના નહોતા એ દરેક અંગ્રેજો માટે ખપના હતા.

આ ગાંધીનું કરવું શું? એ માણસ મનુષ્યતાનો પીંડ રચે છે અને આપણને હિંદુની થોડી સરસાઈ જોઈએ છે. કોંગ્રેસની બહાર નહીં, કોંગ્રેસની અંદર પણ કેટલાક નેતાઓને આ સવાલ કનડતો હતો. ૧૯૧૫ પછીથી એક સદી વીતી ગઈ, ગાંધી નામનો માણસ આજે પણ સતાવે છે. ખૂબીની વાત એ છે કે સો વરસ પછી પણ ગાંધીનું વારણ હાથ લાગ્યું નથી એટલે તેમને બદનામ કરીને દૂર હડસેલવાનો પ્રયાસ કરવામાં આવે છે. હિન્દુત્વ એ જ મનુષ્યત્વ, હિન્દુત્વ એ જ ભારતીયત્વ અને હિંદુ રાષ્ટ્ર એ જ ભારતીય રાષ્ટ્ર એમ કહેવાનો હિન્દુત્વવાદીઓને પૂરો અધિકાર છે, કહે પણ છે, પરંતુ તેની સર્વસમાવેશક થીસીસ તેઓ વિકસાવી શક્યા નથી. એટલે તો આજે પણ બહુમતી હિંદુઓ હિન્દુત્વનો વિરોધ કરે છે.

ગાંધીનું વારણ આવી કોઈ એક થીસીસમાં છે, જે તેમને ઝડતી નથી.

એ સમયે આઝાદીની વાત કરવી જરૂરી હતી. આઝાદીની માગણી કરવી જરૂરી હતી. આઝાદી માટે લડવું જરૂરી હતું. પ્રજા વચ્ચે જવું અને રહેવું જરૂરી હતું. નેતૃત્વની જવાબદારી લેવી પડે એમ હતી અને તેની કિંમત પણ ચૂકવવી પડે એમ હતી. જે હિન્દુત્વવાદીઓને ગાંધીવિચાર અને ગાંધીઅભિગમ સ્વીકાર્ય નહોતા તેમની પાસે તેનો વિકલ્પ પણ જરૂરી હતો. વિકલ્પ હિંદુઓ સુધી પહોંચાડવો જરૂરી હતો. બહુમતી હિંદુઓને જીતીને ગાંધીજીથી દૂર કરવા જરૂરી હતા. ટૂંકમાં એક તરફ અંગ્રેજો સામે અને બીજી તરફ ગાંધીજી સામે મેદાનમાં ઉતરવું જરૂરી હતું.

જરૂરિયાત પુષ્કળ હતી, પણ તેમણે શું કર્યું? કયો માર્ગ અપનાવ્યો?

(ક્રમશ:)